# મેઘરજમાં પાકને બચાવવા ખરા સમયે જ યુરિયા ખાતરની કૃત્રિમ તંગી

મોડાસા, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા સૌથી સારો વિકાસ કરવો હોય તો ખેડૂતોની તમામ માંગણીઓ પોષણ ક્ષમ ભાવો આપવા જોઈએ. ખેડૂત સદ્ધર અને સમૃદ્ધ હશે તો જ મત આપવા ઉભો રહેશે. નહીં તો યુટર્ન થશે જ તે હકિકત છે.

આજે ઘઉંના પાકનું મબલખ ઉત્પાદન લેવા માટે યુરિયા ખાતરની તાતી જરૂરિયાત ઉભી થાય છે ત્યારે રેશનીંગની દુકાનેથી યુરિયા ખાતર મળતુ નથી. તાલુકામાં નથી જિલ્લામાં નથી, આગળથી આવતુ નથી. આવા જવાબો ખેડૂતોને મળે છે. ત્યારે આજે ૩૨૦ના યુરિયાના ભાવને બદલે ૪૦૦ થી ૪૫૦ના ભાવે ખુલ્લા બજારમાં યુરિયા વેચાય છે અને ખેતીવાડી ખાતા દ્વારા કોઈ ગામે શહેરમાં તપાસ થતી નથી કે આ ખાતર ક્યાંથી આવ્યું ક્યાંથી સંગ્રહ કર્યો છે.

લાયસન્સ વગરના વેપારીઓ આજે ગુણે ૧૦૦ થી ૧૫૦ મેળવી તાગડધિન્ના કરે છે ત્યારે ગરીબ ખેડૂત ક્યાં લેવા જાય? રાજસ્થાનની સરહદે ખાતર ગુજરાત કરતા સસ્તુ હતુ તે પણ આજે મોંઘાભાવે વેચાય છે. તો ખેડૂતને મરવાનું કે જીવવાનું?

દર વર્ષે આ સમયે જ ખાતર અદશ્ય થઈ જાય છે અને ખેડૂતો અહી તહી ભટક્યા કરે છે આમ ખેડૂતોની દશા કોણ બગાડે છે? શા માટે ખેડૂતો પ્રત્યે ઓરમાયુ વર્તન? સરકારને લાભ થશે કે નુકશાન તેનુ સરવૈયુ કાઢવામાં આવે ત્યારે ખ્યાલ આવશે. ખાતર માટે કેન્દ્ર ઉપર ઢોળી દેવાતુ હતુ પરંતુ હવે તો સમાંતર સરકાર આખી છે. પછી ખાતરના બેનંબરી વેપાર કેમ? તે કિસાનોને સમજાતુ નથી કિસાનસંઘને કોઈ ગાંઠતુ જ નથી તેવો પણ કિસાન સંઘે આક્ષેપ કર્યો છે.



## લક્ષ્મીપુરા ચાર રસ્તે ટ્રાફિક જામની કાયમી સમસ્યા

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા જતા ચાર રસ્તેથી ભૃગુઋષિ મંદિર થઈને કોલેજ સુધી ફોરલેન રોડ બનેલ હોવા છતાં પોલીસ ખાતાનો ટ્રાફિક કંટ્રોલ ન હોવાને કારણે તેમજ વાહનોના આડેધડ પાર્કિંગને કારણે રાહદારી તથા એકલ-દોકલ વાહન ચાલકોને ખુબ પરેશાની થાય છે. એસ.ટી. બસો ખાલી જાય છે અને જીપો તથા પ્રાઈવેટ વાહનોને છૂટો દોર મળ્યો છે. શટલીયા જીપોવાળા હપ્તા રાજમાં ગળાડૂબ હોઈ પેસેન્જરોને બેફામ રીતે ભરી મોતના મુખમાં ધકેલવા તૈયાર હોય તેમ ખાનગી જીપોનો રોડ ઉપર ખડકલો હોય છે. આ રસ્તે મંદિરો, શાળાઓ કોલેજ વિગેરે હોવાથી ટ્રાફિક ખૂબ રહે છે. પણ તંત્ર ક્યારે ધ્યાન આપશે? (વિઠ્ઠલ સુથાર, બીપીન જોષી, લક્ષ્મીપુરા)

# મોડાસામાં ગુમાસ્તા ધારાના ભંગ બદલ ૨૦૦ વેપારીઓને નોટીસ

મોડાસા, તા. ૨

મોડાસા નગરપાલિકા ગુમાસ્તાધારા હેઠળ રવિવારના રોજ શહેરભરમાં દુકાનદારોએ વેપાર ધંધા બંધ રાખવાનું નક્કી કરાયું છે. પરંતુ અનેક દુકાનદારો રવિવારના રોજ નિયમોનો ભંગ કરી દુકાનો ચાલુ રાખતા હોવાની ફરિયાદ નગરપાલિકા તંત્રને મળી હતી. જેના પગલે મોડાસા પાલિકા તંત્રએ તપાસ હાથ ધરતા ધંધો રોજગાર ચાલુ રાખનાર ૨૦૦ જેટલા વેપારીઓને નોટીસ ફટકારવામાં આવી છે. જેના પગલે વેપારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૩ હજાર કરતા વધુ દુકાનો આવેલી છે. આ તમામ દુકાનો ગુમાસ્તા ધારા હેઠળ લાયસન્સ આપવામાં આવેલા છે. જો કે વેપારીઓને લાયસન્સ આપતી વખતે અઠવાડિયામાં એક વખત ફરજીયાત રજા રાખવાની શરત કરવામાં આવી છે. જેમાં મોટાભાગના વેપારીએ રવિવારની રજા રાખી ધંધો બંધ રાખવાની વાત સ્વિકારેલી છે પરંતુ અનેક દુકાનદારો રવિવારે પણ ધંધો રોજગાર ચાલુ રાખી ગુમાસ્તાધારાના નિયમનો ભંગ કરતા પાલિકાને ફરિયાદ મળી હતી જેથી પાલિકાની ટીમે આજે ચેકીંગ હાથ ધર્યુ હતુ. અને ગુમાસ્તાધારાનો ભંગ કરી વેપાર ધંધો ચાલુ રાખનાર ૨૦૦ વેપારીઓને નોટીસ ફટકારી હતી અને ૩ દિવસમાં લેખિત ખુલાસા માંગ્યા હતા. ત્યારબાદ વેપારી દ્વારા સંતોષકારક ખુલાસો નહી લાગે તો તેમને દંડ ફટકારવામાં આવશે અને આગળની કાર્યવાહી પણ કરવામાં આવશે. ગુમાસ્તાધારાનો વારંવાર ભંગ કરનાર વેપારી સામે કોર્ટ કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ અધિકારીએ જણાવ્યું હતું.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# ખેડબ્રહ્મા નગરપાલિકાએ ૨૧ વેપારીઓને નોટીસ ફટકારી

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા નગરપાલિકાના ગુમાસ્તા વિભાગ દ્વારા સોમવારની જાહેર રજા કરેલ હોવા છતાં કેટલાક વેપારી દુકાનો ખુલ્લી રાખી ગુમાસ્તા ધારાનો ભંગ કરી વેપાર કરતા હતા જેથી આજે નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ પરમાર, ભગતસિંહ ચાવડા અને ભરત સુતરીયાની ટીમે ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં ૨૧ દુકાનદારો રજાનો ભંગ કરતા ઝડપાયા હતા અને તેમની પાસેથી દંડ વસુલવામાં આવ્યો હતો. ઉપરાંત પાલીકાતંત્ર દ્વારા ૫૦૦૦ જેટલા પ્લાસ્ટીક કપ જપ્ત કરી ન વાપરવાની તાકીદ કરવામાં આવી હતી.

### દંડ ફટકારેલ દુકાનોની યાદી

શ્રદ્ધા ફૂટવેર, અંબિકા લેડીઝ ટેલર્સ, વસીમ ફૂટવેર, ચામુંડા ફૂટવેર, એવન પાન પાર્લર, રીધમ મોબાઈલ, પ્રાર્થના સ્ટુડીયો, વાઘેશ્વરી સીડ્સ, શ્રીજી ફરસાણ, એગ્રી બિઝનેશ, વંદના, ચામુંડા મોબાઈલ શોપ, ભાગ્યલક્ષ્મી નોવેલ્ટી, શ્રીયાદેવી ટી સ્ટોલ, નારણજી માળી, વિષ્ણુ કિરાણા સ્ટોર્સ, ગોલ્ડન મોબાઈલ શોપ, બાલાજી ટી સ્ટોલ, પ્રિતુલ ઈલેક્ટ્રોનિક્સ, નીલગીરી

# સંસદસભ્ય દિલીપભાઈ પંડ્યા દ્વારા દત્તક લેવાયેલ પસવાદળ ગામમાં ૬ઠ્ઠીથી વિવિધ કાર્યોનો શુભારંભ થશે



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક ગામ આદર્શ ગ્રામ યોજના નીચે દત્તક લેવા પ્રત્યેક સંસદ સભ્યને અનુરોધ કરતા રાજ્ય સભાના સાંસદ દિલીપભાઈ પંડ્યાએ વડાગામ તાલુકાનું પસવાદળ ગામ એક માસ પહેલાં દત્તક લીધેલ છે.

પસવાદળ ગામ આદર્શ ગામ બનાવવા શુ શુ વિકાસના કામો કરીશકાય તે માટે દિલીપભાઈ પંડ્યાએ અધિકારીઓની એક બેઠક પાલનપુર સર્કિટહાઉસ ખાતે યોજી હતી. પ્રાંત ઓફિસર દેસાઈ, મામલતદાર ટી.ડી.ઓ. ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રત્યેક ઘરમાં શૌચાલય, પીવાનું શુધ્ધ પાણી, ગટર વ્યવસ્થા પ્રાથમિક શિક્ષણ સ્વચ્છતાં જેવા વિષયો ઉપર ચર્ચા વિચારણા હાથ ધરી હતી. આગામી તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે પસવાદળ ખાતે ગ્રામ સભાનું આયોજન કરાયેલ છે. જેમાં આ બધી યોજનાઓનો અમલીકરણની શરૂઆત થશે.

# ડીસા નાયબ કલેક્ટર કચેરીએ વિશ્વ હિન્દુ પરિષદે ગૌવંશ બચાવવા આપ્યું આવેદનપત્ર

ડીસા, તા. ૨

ડીસા નાયબ કલેક્ટર કચેરીએ આજે વિશ્વ હિન્દુ પરિષદનાં કાર્યકરોએ રૂબરૂ પહોંચી ગૌવંશ બચાવવાની માંગ સાથેનું એક આવેદનપત્ર આપ્યુ હતું. અને ચેતવણી આપી હતી કે રાજ્ય સરકાર તાજેતરમાં ગઢ પોલીસ મથક નજીક ટોકરીયા ગામેથી ઝડપાયેલા ગેરકાયદેસરનાં કતલખાના મામલામાં નિષ્પક્ષ તપાસ નહિ કરે અને જિલ્લામાં ચાલતા આવા ગેરકાયદેસરના કતલખાના બંધ કરાવવા કડકાઈએ કામ નહિ લે તો વી.એચ.પી. ઉગ્ર આંદોલન કરશે.

બનાસકાંઠા જિલ્લાના ગઢ પોલીસમથક નજીકથી ટોકરીયા ગામેથી ૪ દિવસ અગાઉ પોલીસે ગેરકાયદેસર ચાલતા કતલખાના પર દરોડો પાડ્યો હતો, આ દરોડામાં પોલીસે સ્થળ પરથી ૫ ગૌવંશની કતલ કરાયેલા મૃતદેહો અને અવશેષો મેળવ્યા હતા અને અન્ય પાંચ અબોલ પશુ જીવિત ઝડપી પાડી તેમને બચાવ્યા હતા. પોલીસે તપાસ દરમ્યાન ઘટનાસ્થળેથી ૩ આરોપી પણ ઝડપી પાડી જેલ હવાલે કર્યા હતા, જો કે ભેંસોના તબેલાની આડમાં ચાલતા આ ગેરકાયદેસરના કતલખાના મામલે જીવદયા પ્રેમી સહીત હિન્દુ આગેવાનો અને સંગઠનોની લાગણી દુભાઈ છે. જેના જિલ્લાભરમાં પડઘા પડ્યા છે. આ મામલે સહુ પ્રથમ વિશ્વ હિન્દુ પરિષદ આગળ આવ્યું છે જેમાં આજે વી.એચ.પી.ના ઉત્તર ઝોનના ડૉ. સુરેશભાઈ ગુપ્તા, મહેન્દ્રભાઈ માળી અને અશોકભાઈ ખત્રી સહીતના આગેવાનોએ ગૌવંશ હત્યાકાંડને વખોડી આવા કતલખાના તાત્કાલિક બંધ કરાવી કડક કાર્યવાહીની માંગ કરતું આવેદનપત્ર ડીસાની નાયબ કલેક્ટર કચેરીએ આપ્યું હતું. ગૌવંશ બચાવવા સરકાર કાયદાનો કડકાઈએ ઉપયોગ નહિ કરે તો વી.એચ.પી. આ મામલે ઉગ્ર વિરોધ નોંધાવશે તેવી ચીમકી પણ વી.એચ.પી.ના ઉત્તર ઝોનના ડૉ. સુરેશભાઈ ગુપ્તાએ આપી હતી.

# મોડાસાની ઈસરી પ્રા. શાળાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા શતાબ્દિ મહોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની ઈસરી પ્રા. શાળાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ગ્રામજનો કર્મચારીઓ વિદ્યાર્થીઓ અને દાતાઓના સહકારથી શતાબ્દી મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

શતાબ્દી મહોત્સવ-૨૦૧૪ના સમારંભમાં પ્રમુખ તરીકે કેળવણીકાર ડૉ. મોતીભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ, અતિથિ વિશેષ પદે ડી.ડી.ઓ. એમ. નાગરાજન, એમ.એલ. રાવલ, ભદ્રાયુ વચ્છરાજાની, મણીલાલ પટેલ, કનુભાઈ પટેલ, વસંતભાઈ ચૌહાણ, શૈલેષભાઈ પટેલ, બી.ડી. રાઠોડ, હસમુખ પટેલ, મોતીભાઈ પટેલ, કમલેશ પંચાલ, યુનુસભાઈ બભરાટ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ૧૦૦ દિવડા પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન એન.કે. પટેલે કર્યુ હતુ. વિશિષ્ટ વ્યક્તિઓ અને ગામના ૭૦ નિવૃત્ત કર્મચારીઓનું શાલ મોમેન્ટોથી દબદબાભેર સ્વાગત કરવામાં આવ્યું.

શાળાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ દ્વારા શાળાનો કોટ, પાણી પીવા આરો પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યો હતો. ઉપરાંત દરેક ઘરે શૌચાલય બને તેવી રજૂઆત પણ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ગ્રામજનો-નિવૃત્ત પદાધિકારીઓ આયોજકોની અથાગ મહેનત બદલ આભાર વ્યક્ત કરીને ગામની એકતાના દર્શન થતા હજુ પણ આ શાળઆ ફુલેફાલે તેવી આશા વ્યક્ત કરી હતી. અંતે આચાર્ય મનુભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)



## ખેડબ્રહ્મા તાલુકામાં દૂધ સંજીવની યોજનાનો પ્રારંભ

ખેડબ્રહ્મા તાલુકાની પ્રાથમિક શાળાના બાળકો માટે દૂધ સંજીવની યોજનાનો ૧ ડિસેમ્બરથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યની વનબંધુ કલ્યાણ યોજના અને મુખ્યમંત્રીના દસ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત ખેડબ્રહ્માની ટ્રાયબલ એડમીનીસ્ટ્રેટર કચેરીના અનુદાન અને સાબરડેરીના સહયોગથી ખેડબ્રહ્મા તાલુકામાં દસ રૂટ દ્વારા ૧૭૬ પ્રાથમિક શાળાના ૨૬૧૬૦ બાળકો માટે દૂધ સંજીવની યોજનાનો સોમવારથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ટી.કે. એન. મનહરભાઈ પટેલ, બીઆરસી કો.ઓ. પી.બી. જોષી, સંબોધન મદદનીશ એન.કે. પાંડવ, પ્રોજેક્ટ કન્સલ્ટન એમ.એન. બલાત, ડેપો સંચાલકો પ્રકાશ વણકર, નરેન્દ્ર એન. જોષી તથા રક્ષાબેન જાની સહીત સીઆરસી કો ઓર્ડીનેટર ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ગ્રેવીટી સ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા શહેરની ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સનો ત્રણ દિવસનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.

જેમાં રાજસ્થાનના જયપુર, ચિતોડ, ઉદયપુર, નાથદ્વારા વગેરે સ્થળોનું ત્રણ દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં બાળકોએ ઈતિહાસીક સ્થળોની મુલાકાત લઈ ભારતીય વારસાની જાણકારી મેળવી હતી.

# પ્રાંતિજના વૃંદાવનમાં નવનિર્મિત વિદ્યાભવનનું ઉદ્‌ઘાટન કરાયું

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકાના વૃંદાવન (નનાનપુર) ખાતે વિચરતી જાતિના બાળકો માટે ચાલતી આશ્રમ શાળામાં ગુજરાત અંબુજા એક્સપોર્ટ લિ.ના અનુદાનથી નવનિર્મિત 'અંબુજા વિદ્યાભવન'નો ઉદ્‌ઘાટન સમારોહ તાજેતરમાં દબદબાભેર યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ નિતિનભાઈ સોનાવાલાએ વિદ્યાર્થીઓને જીવનમાં સ્વચ્છતાનો ગુણ કેળવવા ઉપરાંત પુસ્તકાલયનું મહત્વ સમજાવી વાંચનની ટેવ પાડીને સદ્‌ગુણોનો વિકાસ કરવા પ્રેરણાદાયી સંબોધન કર્યુ હતું. વિચરતી જાતિ મંચના સંયોજક મિત્તલબેન પટેલે તેમના અનુભવો ટાંકીને આ પ્રસંગે જણાવ્યું કે સરાણીયા વાદી, નટ કે મદારી જેવી વિચરતી જાતિના બાળકોને શિક્ષણમાં જોડવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે. આ બાળકોને પ્રેમની જરૂર છે. તેઓએ સુપ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુને યાદ કરી આવા બાળકોના સાર્વત્રિક વિકાસ અને અન્ય સમાજ સાથે જોડવાની તેમની લાગણીસભર સદ્‌ભાવનાની સરાહના કરાઈ હતી. વિશ્વ મંગલમ સંસ્થાના સંચાલક ગોવિંદભાઈ રાવલે કેળવણી ક્ષેત્રે અર્ધી સદી સુધીની તેમની જીવન-યાત્રાનાં સંસ્મરણો ભાવવિભોર હૈયે યાદ કરીને હવે સમયના બદલાવ સાથે ટીમથી કામ કરવા સંસ્થાના અનુગામીઓને હાંકલ કરી હતી. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક સુદર્શન આયંગારે માનવધર્મની સ્થાપના માટે પરમાર્થની વ્યાખ્યા સમજાવતાં કહ્યું કે પરમાર્થ કરતાં કરૂણો મોટી છે. આજે આપણો સાંસ્કૃતિક વારસો અને ગાંધીજીનો ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત ભુલાઈ ગયો છે. તેઓએ આ પ્રસંગે સાધન સુધ્ધિની અગત્યતા સમજાવી નૈતિકતાથી કમાણી કરવાની જરૂરિયાત ઉપર વિશેષ ભાર મુક્યો હતો. અંબુજા એક્સપોર્ટ લિ.ના સિદ્ધાર્થભાઈ પટેલે તેમના ટુંકા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પાડોશી ધર્મ બજાવ્યાની ખુશી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે અંજલી અને મંથન જેવી સેવાભાવી સંસ્થાઓના કાર્યવાહકો, સર્વોદય કાર્યકરો, સંસ્થાના હોદેદારો, ભૂતપૂર્વ શિક્ષકો, દાતાઓ, વાલીઓ અને અન્ય આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિતત રહ્યા હતા. સમારોહના અંતે આભારદર્શન સંસ્થાના ઉપપ્રમુખ રમણભાઈ પટેલે કર્યુ હતું.

# ચારુતર વિદ્યામંડળનાં ડૉ.ટીના દોશીની ખેરાળુ કૉલેજમાં ત્રિ-દિવસીય નારીકથા

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના ભારતીય મહિલા વિશ્વકોશનાં પ્રણેતા અને સરદાર પટેલ સંશોધન સંસ્થા - સૅરલિપનાં અધ્યાપિકા તેમ જ સર્વપ્રથમ નારીકથા કરનાર ડૉ.ટીના દોશી ખેરાળુ કૉલેજના ઉપક્રમે આગામી ૯ થી ૧૧ ડિસેમ્બર ઉત્તર ગુજરાતમાં સર્વપ્રથમ નારીકથા કરશે, એવું ખેરાળુ આર્ટ્સ અને કોમર્સ કૉલેજના આચાર્ય નારીકથાના આયોજક પ્રિ.રણછોડભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ત્રિદિવસીય નારીકથાના ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે અને ખેરાળુ તાલુકા ઉત્તર વિભાગ મંડળના પ્રમુખ અને પૂર્વ ન્યાયાધીશ શ્રી મોહનભાઈ દેસાઈ અધ્યક્ષસ્થાન સંભાળશે. ત્રિદિવીસય નારીકથા રોજેરોજ સવારે ૯ થી ૧૦:૩૦ કલાક દરમિયાન યોજાવાની છે અને તેમાં હાજર રહેવા રસિકોને જાહેર નિમંત્રણ હોવાનું નારીકથાના સહઆયોજક અને સીવીએમ સંચાલિત સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું. ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણસંકુલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના આશીર્વાદ સાથે ડૉ.ટીના દોશીએ ગત ૬ થી ૮ માર્ચ ૧૪ વલ્લભ વિદ્યાનગર ખાતે સર્વપ્રથમ નારીકથા કરી હતી. વેદથી મહાભારત સુધીનાં નારીપાત્રોની વ્યથા અને વેદનાની નહીં, વીરતા અને વિદ્વત્તાની નવતર રજૂઆત કરતી ડૉ.દોશીની નારીકથા સ્ત્રીના ગૌરવવંતા ઈતિહાસને રજૂ કરે છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧